# <u>કુંભણ ગામે ૨૦મો ઈનામ વિતરણ સમારોહ</u>

શ્રી ખરક જ્ઞાતિ કુંભણ દ્વારા બાળકોની પીઠ થાબડવા તેમજ અભ્યાસ વિષયક પ્રોત્સાહન પુરૂ પાડવા સં.૨૦૮૧ના શ્રાવણ વદ-૭ને શુક્રવાર તા. ૧૫-૦૮-૨૦૨૫ના રોજ શ્રી રામ વાડી (ખરકજ્ઞાતિની વાડી) કુંભણ ખાતે સમસ્ત ખરક જ્ઞાતિ કુંભણનો ૨૦મો ઈનામ વિતરણ સમારોહ શ્રી ધીરૂભાઈ ભુતના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં વિશેષ ઉપસ્થિતિ રૂપે ડૉ. કનુભાઈ ભુત, રવજીભાઈ કુચા, શામજીભાઈ ખોડીફાડ, હરીભાઈ વળીયા, પાંચાભાઈ પટેલીયા, વિઠ્ઠલભાઈ સેંતા, ભરતભાઈ કોરડીયા, કનાભાઈ પટેલીયા, વિઠ્ઠલભાઈ કુચા તથા દેવજીભાઈ કાપડીયા જેવા આગેવાનો તેમજ સમસ્ત જ્ઞાતિ બંધુઓ, માતાઓ અને બાળકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટ્ય તેમજ પ્રાર્થનાથી કરવામાં આવી હતી, ત્યારબાદ દાતાશ્રીઓને સન્માન કાર્યક્રમ તથા ધોરણ ૧ થી ૧૨ના જ્ઞાતિના તેજસ્વી વિધાર્થીઓને ઈનામ આપીને પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત જ્ઞાતિના બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામા આવ્યા હતા.